February 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 ● Issue 4 / 121
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



તા. ૨૨-૧-૨૦૧૭ના ભાયંદર- મીરારોડ ખાતે રાખવામાં આવેલ મેડીકલ કેમ્પનો લગભગ ૧૫૦ જેટલા સાધર્મિકોએ લાભ લીધો તે ખરેખર કેમ્પની સફળતા દર્શાવે છે. સમાજના અગ્રગણ્ય ડૉક્ટરો - **કાર્ડીયોલોજીસ્ટ ડૉ. સ્નેહલ સંઘવી, આંખના ડૉક્ટર ડૉ. દિપ્તી નિખીલભાઈ શાહ, ઈ-એન-ટી સ્પેશિયાલિસ્ટ ડૉ. બીમલ નરેન્દ્રભાઈ શાહ, ડેન્ટીસ્ટ ડૉ. દિપેન પરાગભાઈ શાહ** વિગેરે સૌએ સ્નેહ, સૌજન્ય અને સમર્પણની ભાવનાથી આપણા સાધર્મિકોને તબિબિ ઉપચાર અને માર્ગદર્શન આપ્યું. તેમના કિંમતી સમયનો ભોગ આપીને તેઓએ આપેલ સેવા બદલ હું તેમને બિરદાવું છું.

આપણા સમાજના શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહે (કુંભારિયા પાડો) ઉદારતા દાખવી ચશ્માની જરૂરિયાતવાળા સૌ દર્દીઓને નિ:શુલ્ક ચશ્માનું વિતરણ કર્યુ હતું. તેમની ઉદારતા બદલ તેઓશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ.

હજુ ઘણા સભ્યોએ "મેડિક્લેઈમ" પોલીસી લીધી નથી તેમને ખાસ જણાવવાનું કે, વહેલામાં વહેલી તકે પોલીસી મેળવી લેશો. સંસ્થા જરૂરિયાતવાળા સભ્યોને મેડિક્લેઈમ પોલીસીના પ્રિમિયમમાં પણ સહાય આપે છે તેથી આપની આળસ કે બેદરકારીને કારણે મેડિક્લેઈમ પોલીસી નહીં લીધી હોય તો સંસ્થાની તમામ પ્રકારની મેડિકલ સહાયથી વંચિત રહેશો, તેવી માર્ગદર્શિકા - કડક નિયમ હવેથી મેડિકલ સમિતિ બનાવી રહી છે.

ગયા મહિનામાં સમાજ ઉત્કર્ષ ફંડ માટે કરાયેલ વિજ્ઞપ્તિને ધ્યાનમાં લઈ કેટલાંક દાતાઓ સ્વેચ્છાએ ડોનેશન આપવા આગળ આવ્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

સંસ્થામાંથી સહાય ઈચ્છુક કુટુંબો પાસેથી વધુ વિગતો મેળવવા સંસ્થા દ્વારા સર્વે થઈ રહ્યો છે. તેના અનુસંધાનમાં સર્વે ફોર્મ પણ મોકલાઈ રહ્યા છે. આ સર્વે પુરો થઈ જતાં ૨૫૦ થી વધુ પરિવારોને

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)

## From President's Desk...

A Medical Camp was held at Bhayander-Mira Road on 22-1-2017, around 150 Members benefited from this camp. Patan's eminent doctors, Cardiologist Dr. Snehal Sanghvi, Ophthalmologist Dr. Dipti Shah, ENT specialist Dr. Bimal Shah, Dentist Dr. Dipen Shah were a part of this camp.

These Honourable doctors showed their generosity by announcing follow up treatment of the medical camp participants will be done free by them upon taking prior appointment.

I would like to express my deepest gratitude and thank these doctors for giving their valuable time and expertise.

I would like to take this opportunity to thank Mr. Shaileshbhai Ramanlal Shah (Kumbharia Pado) who donated spectacles to all the patients.

I would like to issue a reminder to all those families who have yet not taken Mediclaim Policy to do so at the earliest. From hence forth Medical Committee has decided to help only those individuals / families with a valid Mediclaim Policy. Shree Patan Jain Mandal will also help to pay premium for the Mediclaim Policies of those families who cannot afford to do so on their own.

Our request for donation for the **Samaj Utkarsh Fund** in the last issue of Pratibimb has already Started receiving generous response from Donors. I would like to thank all of them. Further donations to this Fund will allow Shree Patan Jain Mandal to better help to 250 families already reliant on us. All this families

(Cont'd on Pg 3)



ઓપ્થોમોલોજિસ્ટ
ડૉ દિપ્તી શાહ



શ્રી શૈલેષભાઈ શાહ
ચશ્મા વિતરણના દાતા





મેડીકલ સમિતિના માનદ્‌મંત્રીઓ શ્રી નીખીલભાઇ તથા શ્રી સંજયભાઇના હસ્તે મોમેન્ટો સ્વીકારતા
ડૉ. સ્નેહલ સંઘવી ડૉ. બિમલ શાહ

# ભાયંદર મેડિકલ કેમ્પ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળની ''મેડીકલ સમિતિ'' દ્વારા રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭ના રોજ ભાયંદરમાં એક મેડીકલ કેમ્પનું સુંદર - સફળ આયોજન થયેલ. આપણા સાધર્મિકોને તેમના ઘર આંગણે ECG, Blood Sugar વગેરે Check કરી પાટણનાજ નિષ્ણાંત અને નિષ્ઠાવાન ડૉક્ટરો દ્વારા હૃદય (Heart), આંખ, ઈ.એન.ટી. તેમજ દાંતની તકલીફો અંગેની સારવાર તેમજ માર્ગદર્શન આપવામાં આવેલ. આ સુવિધાનો લાભ લગભગ ૧૫૦ વ્યક્તિઓએ લીધો હતો.

**પ.પૂજ્ય પન્યાસ ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ પ્રેરીત અને આશિર્વાદીત ''તપોવન વિદ્યાલય'' - ભાયંદરમાં ઉપર્યુક્ત કેમ્પ યોજાયેલ. આપણા સમાજના નામાંકીત ડૉક્ટરો, કાર્ડીયોલોજીસ્ટ ડૉ. સ્નેહલ તારાચંદ સંઘવી (બ્રાહ્મણવાડો), આંખના ડૉ. દિપ્તી નિખીલભાઈ શાહ (કુંભારીયા પાડો), ઈ.એન.ટી. સ્પેશિયાલિસ્ટ ડૉ. બીમલ નરેન્દ્રભાઈ શાહ (અબજી મહેતાનો પાડો), ડેન્ટીસ્ટ ડૉ. દિપેન પરાગભાઈ શાહ (વાસુપૂજ્યની શેરી)** ઈત્યાદિએ સતત ચાર કલાક સમાજના સાધર્મિકોને સ્વજનની જેમ સ્નેહ અને વાત્સલ્યથી પૂછપરછ કરી સારવાર આપી. દર્દીની જરૂરિયાત પ્રમાણેના Investigation તેમજ દવાની વ્યવસ્થા કરી, સ્થાનિક સાધર્મિકોને પણ થયું સમાજના સંપન્ન લોકો અમારી સાથે છે અને ડૉક્ટરોને પણ થયું પૈસાના અભાવે તેમજ તંદુરસ્તી પ્રત્યેની જાગૃતિના અભાવે કેટલાક સાધર્મિકોની તબિયત ''ભગવાન ભરોસે'' હોય તેવીજ હતી. થોડું ધ્યાન આપવાથી તેમની પરવશતા દૂર થઈ શકે અને તંદુરસ્ત - તણાવ મુક્ત જિંદગી જીવી શકે એવી પરિસ્થિતિ થઈ શકે એમ છે.

કેમ્પની સમાપ્તિને આરે સમાજના ડૉક્ટરો તેમજ સાથ આપનાર મેડીકલ ક્ષેત્રના સહાયકોનું સંસ્થા દ્વારા મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું, ત્યારે પ્રાસંગિક પ્રવચન આપતા આપણા સમાજના ડૉક્ટરો કેમ્પનો લાભ લેવા આવેલ સભ્યોની સરેરાશ હાલત જોતા ભાવુક થઈ ગયેલ અને દરેક સભ્યોને તબિયતના Follow up માટે ખાસ દિવસ રાખી તેમની તબિયતનું Monitering કરાશે એમ જણાવ્યું. કેમ્પના દિવસે તો સર્વે માટે નિઃશુલ્ક સેવા અપાઈ હતી, પણ સમાજના હાજર ડૉક્ટરોએ Follow up Treatment માટે પણ Apointment લઈ આવનાર સભ્યો પાસેથી ફી નહીં 'આશીર્વાદ' લેવાની ભાવના વ્યક્ત કરી. આ કેમ્પમાં ઘણા લોકો આંખની સારવાર માટે તેમજ માર્ગદર્શન લેવા આવ્યા હતા. તેમની આંખોની તપાસ દરમ્યાન જરૂરિયાતવાળા સૌ કોઈને આંખના નંબર પ્રમાણેના ચશ્માઓનું નિઃશુલ્ક વિતરણ આપણા સમાજના કુંભારિયા પાડાના શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહ (મે.સી.એલ.ઈન્ડિયા) દ્વારા કરવામાં આવેલ. સંસ્થા તેમની ઉદારતા અને ઉદ્દાત ભાવના બદલ આભાર વ્યક્ત કરે છે.

**મેડીકલ સમિતિના સેક્રેટરી શ્રી નિખીલ રવિન્દ્રભાઈ તથા શ્રી સંજય રમેશચંદ્ર તેમજ કમિટિ મેમ્બરો શ્રીમતી માલવબેન ચિરાગભાઈ શાહ, શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ, શ્રી પુનીતભાઈ સૂર્યકાન્તભાઈ તેમજ ભાયંદરના સ્થાનિક કાર્યકર શ્રી નિલેશભાઈ કાંતિલાલના અથાગ પ્રયત્નથી આયોજનને સફળતા મળી.**

આ પ્રસંગે ઉપપ્રમુખ શ્રી દિપકભાઈએ મંડળની મેડીકલ પ્રવૃત્તિઓ તેમજ મેડિક્લેઈમ પોલીસી લેવાનું શા માટે ફરજિયાત છે તે વિશે વિસ્તારપુર્વક સમજાવ્યું હતું.

ભાયંદર બાવન જિનાલય તથા મીરારોડથી ભાયંદર કેમ્પના સ્થળે આવવા-જવા બસની વ્યવસ્થા કરવામાં આવેલ જેનો સાધર્મિકોએ લાભ લીધો હતો. **''તપોવન વિદ્યાલય''માં** કેમ્પ માટે સુવિધા તેમજ સહકાર આપવા બદલ સંચાલકોનો શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

❑ મેડીકલ સમિતિ



તબીબોને મોમેન્ટો પ્રદાન કરતા
શ્રીમતી પ્રિતીબેન



ડૉ. દિપેનને મોમેન્ટો અર્પણ
કરતા શ્રી નિલેશભાઈ





મેડીકલ કેમ્પમાં ઉપસ્થિત સ્થાનિક તબિબ ડૉ. પાન્ડેય, સમિતિના સભ્યો
શ્રીમતી માલવબેન તથા ઉપસ્થિત સાધાર્મિક ભાઈ-બહેનો

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

શ્રી પાટણ જૈન મંડળ તરફથી તેમની જરૂરિયાતને અનુલક્ષીને વધારે આર્થિક સહાય આપવી શરૂ થશે.

ઉપર્યુક્ત સર્વે દ્વારા સંસ્થા શૈક્ષણિક સહાય કે ઉદ્યમથી સ્વાવલંબી બનવાની શક્યતાવાળા પરિવારોને અગ્રતાક્રમે સહાય આપી તેમનું જીવનધોરણ ઉપર લાવવા સંનિષ્ઠ પ્રયાસો કરાશે.

સમાજના દાતાઓને **''પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ'' હેઠળ સંસ્થાની શતાબ્દિ નિમિત્તે** આર્થિક યોગદાન આપવા અનુરોધ છે.

**''પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ'' માટે રૂા. ૧૧,૦૦,૦૦૦/-ના દાન દ્વારા રત્ન સ્થંભ, રૂા. ૮,૦૦,૦૦૦/- ના દાન દ્વારા સુવર્ણ સ્થંભ અને રૂા. ૫,૦૦,૦૦૦/-ના દાન** દ્વારા રજત સ્થંભ તરીકે સંસ્થાને દાન આપીને સમાજની શૈક્ષણિક, મેડીકલ તથા સમાજ વિકાસ માટેની જરૂરિયાતોને આપણે પૂરી કરીએ. આ આયોજન ત્રિવાર્ષિક ધોરણે કરવામાં આવેલ છે. જે મુજબ **દાતા ત્રણ વર્ષના ગાળામાં આ સખાવત પૂર્ણ કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે.** પાટણ જૈન મંડળના સંચાલકો આપનો વ્યક્તિગત સંપર્ક કરે ત્યારે આપ સર્વે સકારાત્મક પ્રતિસાદ આપશો જ તેવો મને વિશ્વાસ છે.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## પાટણ પ્રતિબિંબ

**(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે)**
**ફોર્મ નં. ૪**
**'પાટણ પ્રતિબિંબ' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| પ્રસિદ્ધિનો સ્થળ | : | **શ્રી પાટણ જૈન મંડળ** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦ |
| પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિને તા. ૨૫ અથવા ૨૬ મી |
| મુદ્રકનું નામ | : | ફકરી પ્રિન્ટર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૩૧૨/એ, ભાયખલા સર્વીસ ઈન્ડસ્ટ્રી, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ - ૪૦૦૦૨૭. |
| પ્રકાશનું નામ | : | **શ્રી પાટણ જૈન મંડળ, સંપાદક સમિતિ** |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ઉપર મુજબ |
| તંત્રીનું નામ | : | **શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ** |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ઉપર મુજબ |

હું શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ, માનદમંત્રી, સંપાદક સમિતિ આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.
મુંબઈ, તા.

**સહી: ચંદ્રવદનભાઈ સારાભાઈ શાહ**
**માનદમંત્રી - સંપાદક સમિતિ**

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

have been send **Survey Forms** to understand their needs in details. This Survey will help us improve and increase the financial help to these families.

On the momentous occasion of the completion of 100 years of Shree Patan Jain Mandal, we have launched the "Patan Shatabdi Gaurav Fund" to increase the corpus of Shree Patan Jain Mandal. This fund is divided into Three Divisions i.e. Ratna Stambh for Rs. 11,00,000/-, Suvarna Stambh for Rs. 8,00,000/- and Rajat Stambh for Rs. 5,00,000/-. Donations for this fund can be made within the course of 3 years. We hope to receive a positive response from Donor families when our management team approaches them regarding this donation drive.

❑ **Dinesh Shantilal Shah**

## પાટણના જિનાલયોના જિર્ણોદ્ધાર માટે દેવદ્રવ્ય

પાટણના કેટલાંક ઐતિહાસિક જિનાલયો જિર્ણોદ્ધાર માંગી લે તેવા છે. આવા જિનાલયોના જિર્ણોદ્ધાર માટે જે પણ દેરાસરના ટ્રસ્ટીઓ કે હોદ્દેદારોને દેવદ્રવ્યની રકમની જરૂરિયાત હોય તો વહેલીતકે **શ્રી કમલેશભાઈ જીવણલાલ ઝવેરી ૯૮૨૦૦૭૦૯૮૧**નો સંપર્ક સાધવા નમ્ર વિનંતી છે.


**P for P — Patanis for Patanis**

**બ્યુટીશિયન**
◈ **બ્રાઈડલ, મેકઅપ વગેરે માટે**
**યામીની ભુપેન્દ્રભાઈ શાહ – 9930066924**
**કાંદિવલી**


## MATRIMONIAL

| | |
|---|---|
| **Name** | : ***VINIT DILIP SHAH*** |
| **Birth Date** | : 28th August 1986. |
| **Birth Place & Time** | : Mumbai IST 9.58 am |
| **Height** | : 5'-11" - **Blood Group:** O+ |
| **Education** | : B. Com, Mumbai. |
| **Business** | : ***Director - JOGDIAM OVERSEAS LLP.*** (Diamond Traders - Importers & Exporters) G Block, FC - 4100, Bharat Diamond Bourse, BKC. Bandra (E), Mumbai- 400051. ***(Also at Antwerp - Belgium)*** |
| **Parents** | : ***Geeta & Dilip Popatlal Shah*** |
| **Residence** | : Kandivali - West, Mumbai - 400067. |
| **Contact No** | : ***0766691105 1- 09321111051 & 09320038311.*** |
| **E-mail Id** | : sspdps01@gmail.com |
| **Patan** | : Kumbhariya Pado, Ghivato, Patan. |

ADVT

## તંત્રી સ્થાનેથી...



# અંતરીક્ષ ક્ષેત્રે અનન્ય સિદ્ધિ એક સાથે ૧૦૪ ઉપગ્રહો તરતા મુકાયા

તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ભારતીય વૈજ્ઞાનિકોએ એક જ વખતે અવકાશમાં એક સાથે ૧૦૪ ઉપગ્રહો તરતા મુકીને ઈતિહાસ સર્જયો છે. ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા સફળતાપૂર્વક અંતરીક્ષમાં પરિભ્રમણ કરાયેલ આ ૧૦૪ ઉપગ્રહોમાં ત્રણ ભારતના અને ૧૦૧ વિદેશના છે. આ ઉપગ્રહો અવકાશમાં તરતા મુકવાની જવાબદારી આપણી ઈસરો દ્વારા તૈયાર કરાયેલ અવકાશયાન PSLV (POLAR SATELLITE LAUNCH VEHICLE) દ્વારા પાર પાડવામાં આવી હતી. આ અવકાશયાન PSLV ઉપગ્રહોને અંતરીક્ષમાં લઈ જઈ છૂટા કરી તરતા મુકવાનું કામ સફળતાપૂર્વક પાર પાડે છે.

આ પહેલા રશિયા દ્વારા એક સાથે ૩૭ ઉપગ્રહો અવકાશમાં તરતા મુકવાનો વિક્રમ હતો. ભારતે રશિયાના આ વિશ્વ વિક્રમને પાછળ મૂકીને વિશ્વના અવકાશ વિજ્ઞાનક્ષેત્રે મોટી સિદ્ધિ હાંસલ કરી નવો વિશ્વ વિક્રમ કર્યો છે. ઈસરોની સ્થાપના ૧૫ ઓગસ્ટ ૧૯૬૯માં થઈ હતી. ડૉ. વિક્રમ સારાભાઈ જે ભારતના અંતરીક્ષ કાર્યક્રમના જનક તરીકે ઓળખાય છે તેઓશ્રી ઈસરોના સ્થાપક હતા. ઈસરોના વૈજ્ઞાનિકો, ટેક્નીશ્યનો તેમજ કર્મચારીઓની વર્ષોની મહેનતને લીધે આજે ભારત વિશ્વમાં અવકાશી વિજ્ઞાનનું કેન્દ્ર બની ચુક્યું છે, તે માટે આ બધાજ ધન્યવાદને પાત્ર છે.

અત્યારની સરકારમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હસ્તક છે. અવકાશ વિજ્ઞાન અને ઉપગ્રહોની મદદથી દેશની સંરક્ષણ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા, સમુદ્રના કિનારા વિસ્તારની જમીનના વપરાશ તેમજ નિયમન, પાણીની વહેંચણી માટે, માર્ગોના નેટવર્ક પર નજર રાખવા, હવામાનને લગતી આગાહીઓ તેમજ વાવાઝોડુ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો વખતે સંપર્ક વ્યવસ્થા વિકસાવવામાં આ ઉપગ્રહોનો ઉપયોગ કરવા આપણા વૈજ્ઞાનિકો કટિબદ્ધ છે. વ્યાપારીક દ્રષ્ટિએ જોઈએ તો ઉપગ્રહોને અંતરીક્ષમાં છોડવાની વૈશ્વીક બજારમાં ભારત મોટું યોગદાન આપવા આજે સમર્થ છે એટલે જ અમેરિકાની કંપનીઓ પણ આજે પોતાના ઉપગ્રહો છોડવા ઈસરોનો સંપર્ક કરે છે જે સૌ ભારતવાસીઓ માટે ગર્વ લેવા જેવી હકીકત છે.

દુનિયાના વિકસીત દેશોની સફળતાના કારણો પર નજર કરીએ તો તેમની સફળતાના અનેક કારણોમાં એક મહત્વનું કારણ દરેક ક્ષેત્રમાં સંશોધન (Research) માટેની પ્રવૃત્તિને મળતું પ્રોત્સાહન અને વળતર છે. તેમને ત્યાં કરાયેલ સંશોધનો, સ્થાનિક કક્ષાએ સ્થાપિત થઈ વિશ્વકક્ષાએ સ્વીકૃત થયા છે જેની પેટન્ટમાંથી તેઓ ઘણા મોટા આર્થિક લાભો મેળવે છે.

ભારતમાં પ્રતિભા (ટેલેન્ટ)ની કોઈ કમીનથી. ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરતા, સંશોધનો કરી નામના મેળવે છે. આપણા દેશમાં પણ બુદ્ધિ પ્રતિભા ધરાવતા સંશોધકો છે પરંતુ તેમને તક અને સાધનો પૂરા પાડવાની વ્યવસ્થાનો અભાવ છે. આપણે ત્યાં ઉચ્ચકક્ષાના સંશોધન માટે ૫૦૦થી પણ ઓછી સંસ્થાઓ છે તેની સામે અમેરિકામાં તે કક્ષાની ૨૮ હજાર શિક્ષણ અને સંશોધન સંસ્થા છે. ઈજિનેરી, કેમીકલ્સ, રેલ્વે, એરક્રાફ્ટ ટેક્નોલોજી, ઓટોમોબાઈલ, સંદેશ વ્યવહાર અને સંરક્ષણ ટેક્નોલોજી, ન્યુક્લીઅર ફીઝીક્સ વિગેરે અનેક ક્ષેત્રોમાં પશ્ચિમના દેશો એટલે જ આગળ છે.

આપણા દેશમાં પણ કેવળ સરકારી સંસ્થાઓ દ્વારા સંશોધનની અપેક્ષા રાખવા કરતા સરકારે શૈક્ષણિક સંસ્થાઓ, કોર્પોરેટ ક્ષેત્ર, નાગરિકો તેમજ સામાજીક સંસ્થાઓને સંશોધન ક્ષેત્રે પ્રોત્સાહીત તેમજ ઉત્સાહીત કરી સહયોગ લેવાની માનસિકતા કેળવવી જોઈએ. આજની સરકારમાં સંશોધન ક્ષેત્રને ઉત્તેજન આપવાની ઈચ્છા શક્તિ છે ત્યારે થોડી બાબતો પર ધ્યાન આપી યોગ્ય પગલા લેવાય તો ભારત પણ અનેક ક્ષેત્રોમાં સંશોધન (Research) માં અગ્રેસર થઈ શકશે. અવકાશ ક્ષેત્રે મેળવેલ સિદ્ધિ જેવી સિદ્ધિઓ મેળવી સાચા અર્થમાં તેજ રફતારથી વિકાસ અને પ્રગતિ કરવા આ બાબતો પર ધ્યાન આપી, લક્ષ્ય સિદ્ધ કરવાની જરૂર છે.

❑ **સંપાદક સમિતિ**

## THE TURNING POINT

On the Atlas of my life, I wish I could travel all the points, only the path of truth and no short cuts at any point...

But I surely hope to see that very **'Turning Point'** at the crossroads of my life...

Which is opening even more opportune points...

Where I decide to dwell and move on and on.... on and on...

And when I look back I feel immense pride....

They believed it or not... I went on and on... through hurdles, hills and storms...

here I come forth...

He is watching me from above as I more on atlas of my life... playing many roles,

Sometimes a Boss and Sometimes a Wife...

He has drawn this amazing map..

I'm figuring how to tap....!

Days of sorrow passes by but my confidence never dies...

Just walk that extra mile with care and smile...

and flow like holy Ganga or the great Nile...

Through this travel when I feel happy and content, that's the time I thank Him again for that great **'Turing Point'...**

❑ **Jyoti Rishabh Doshi**

# અનંતગુણો તપ મહિમા

જ્ઞાની ભગવંતોએ તપને કર્મક્ષયનું સચોટ કારણ બતાવ્યું છે. ખુદ તીર્થંકર ભગવાન જેઓએ પણ સ્વયં તે ભવમાં મુક્તિ નક્કી થવાનું જાણવા છતાં તપસ્યા કરી છે. તો આપણે પણ તપના માર્ગે કિંમતી પુરુષાર્થનો સુંદર સદુપયોગ કરવો જોઈએ.

'તે ભવ મુક્તિ જાણે જિનવર,
ત્રણ ચઉ જ્ઞાને નિયમા,
તો પણ તપ આચરણ નવિ મૂકે,
અનંતગુણો તપ મહિમા !'

જડમાં ક્યાંય નહીં એવી પુરુષાર્થ શક્તિ જીવને જ વરેલી છે. એમાં પણ એકેન્દ્રિયાપણા આદિમાં એ પુરુષાર્થ શક્તિ અલ્પ પ્રમાણમાં ખૂલેલી હતી. અહીં પંચેન્દ્રિય માનવપણે એ વિશાળરૂપે ખીલી ઊઠી છે. ખાનપાન આદિમાં એ પુરુષાર્થ શક્તિ વેડફાઈ જાય છે ત્યારે તપમાં એનો મહાન તારક સદુપયોગ થાય છે. પુરુષાર્થ તો એ બન્નેમાં ખર્ચાય જ છે, પરંતુ ઈન્દ્રિયો અને કાયાના તુચ્છ વિલાસ તાનામાનામાં એ ખરચવામાં આત્માની ગુલામી વધે છે. જીવના ભવ ભારે થાય છે. દુર્ગતિના ભવ વધે છે. જ્યારે તપના પુરુષાર્થથી આત્માનું સત્વ અને સદ્ભાવના વધે છે. મનઃતૃપ્તિ વધે છે. પ્રબળ પાપકર્મોના ચૂરા થાય છે. મોક્ષ ન પામે ત્યાં સુધી પણ ઉચ્ચ સદ્ગતિના પુણ્યાનુબંધી પુણ્યના થોક કમાય છે. તપ આ નિર્જરા ! તપથી નિશ્ચિતપણે આત્માને ગુણ થાય છે. કર્મક્ષય થાય છે. સત્વ, ઓજસ, સ્વાધીનતા વધે છે. સુસંસ્કારની મૂડી વધે છે. વળી અનેક પ્રકારના શાતા-યશ-સૌભાગ્ય આદિના પુણ્ય વધે છે. તપ કરો કે કર્મક્ષય ચાલુ. આવા તપની આરાધનામાં પ્રમાદ ન જ થાય. ખડતલતા અને સહાનુભૂતિ કેળવવા તપ એ સુંદર સચોટ ઉપાય છે. એનાથી આત્માનું સત્વ વિકસે છે.

સત્વનો વિકાસ એ અપૂર્વ સાધના છે. કેમકે સત્વથી અનેકાનેક પ્રકારના ગુણો, સુકૃતો અને સદનુષ્ઠાનોની સાધના થાય છે. ઉચ્ચ આત્મહિત આત્મકલ્યાણ સાધવાને યોગ્ય આ સુંદર ભવમાં ત્યાગ અને તપ અતિ દુર્લભ મળેલી તક છે. પરલોકના પુણ્યના ચોપડે અહીંનું ખાધુપીધુ જમા થતું નથી, પણ ત્યાગ અને તપ કરો તો એ જમા થાય છે. ભાતા વિના પરલોકનાં દુર્ગતિ, દુર્દશા, વિટંબણા થાય. શરીર પર બહુ રાગ રાખીએ તો મુર્ચ્છાથી સુવાળુ અને સુખશીલ રાખેલું શરીર પાપકર્મના ઉદય વખતે સહન કરી શકતું નથી. ખાવાપીવાની લાલસાથી આહારસંજ્ઞા અને રસસંજ્ઞાનું પોષણ થાય છે. તિર્યંચ અને દેવતાઈ ભવમાં પણ આહારસંજ્ઞા પર કાબુ નથી. તીર્થંકર ભગવાને બતાવેલ વિવિધ તપસ્યાઓ, રસત્યાગ, દ્રવ્યસંક્ષેપ, ક્ષુધાવેદનીય પરિષહ સહન કરવાથી કરી શકાય. તો શા માટે આવો ધન્ય અવસર ચૂકવો ? ખાણના રત્ન પર જ્યાં સુધી પત્થર અને માટીથી જામેલું પડ હોય ત્યાં સુધી રત્નોનો પ્રકાશ ખુલતો નથી. એમ આત્મા ઉપર માટીની કાયાનો લપેડો અને માટીમય આહાર પુદ્ગલથી તુષ્ટિ પુષ્ટિ ચાલુ રહે ત્યાં સુધી આત્માનું તેજ ખુલતું નથી. માટે આત્મતેજ ખોલવું હોય તો માલ મસાલા અને વારંવાર ભોજનથી તનના તાનામાના ઓછા કરવા જોઈએ. પંડિત મરણ પામવું હોય તો આહાર લેશ્યા અત્યંત દુબળી પાડવી પડે જેથી મન એમાં ન જવાથી સમાધિ રહે. માટે કાયાથી ચાલુ જીવનમાં આહાર ત્યાગ, રસ ત્યાગ, દ્રવ્ય સંક્ષેપના અભ્યાસથી સહન કરવાની ટેવ પડવી જોઈએ. આહાર અને રસની બહુ સરભરાથી તો જડ દેહના પર્યાય વધે છે. આત્માના શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ વગેરે પર્યાય ન વધે. પાપ સંજ્ઞા, પાપ લેશ્યા અને પાપી વલણ પરભવમાં આત્માનું બગાડશે. આહારસંજ્ઞા પર તો ભવચક્રમાં અનંતા પરિભ્રમણ કર્યા છે. પૂજામાં આવે છે ને કે -

આહાર કરતાં અહનિશ માર્યો
નાચ્યો ઈણ સંસાર, સાંભળ વિશરામી

સાચા તપસ્વીઓ દીર્ઘકાળ જીવે છે એને વારે વારે રોગ નડતા નથી. તપસ્વીને તો અંતકાળે સુંદર સમાધિ હોય છે. પરલોક સુંદર બને છે. તપમાં જતા દિવસોને ધન્ય જીવનકાળ સમજાવો કેમકે એ આત્માના અનેક શુભ ખાતામાં જમા થાય છે.

તપમાં તો જીવનની શોભા છે. નિર્મળ યશ છે. પુણ્ય વધે છે. કર્મની નિર્જરા થાય છે. જિનાજ્ઞાનું પાલન થાય છે. જિન પ્રત્યે સાચો પ્રેમ અને સેવકભાવ અદા થાય છે. રાત્રિભોજન એ પાપ છે. ચૌવિહાર એ પણ ઉત્તમ તપ છે. માટે પ્રભુની આજ્ઞાનું પાલન કરો. તપધર્મથી મોક્ષસુખ સહુ પામો.

❑ **નિકીતાબેન ટી. શાહ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT



**DIVINE SKIN AND HAIR CLINIC**
**DR. DIMPLE BHANKHARIA**
*MBBS, DVD, DDV, DNB (Dermatology)*
ADVANCED SOLUTIONS AVAILABLE FOR ALL DERMATOLOGY, COSMETOLOGY AND TRICHOLOGY PROBLEMS
Plot No. 177, Rajaram Niwas Building, Ground Floor, Hindu Colony, Near Laud Clinic, Dadar (E), Mumbai - 400014
CONTACT
24179144, 9702162393, 64108080
ADVT

## ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૭

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટની લીગ મેચો ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં પૂર્ણ થયેલ જેમાં વિજેતા રહેલ ટીમો અને મેન ઓફ ધી મેચના વિજેતાના નામો અત્રે પ્રકાશીત કરવામાં આવે છે.

(૧) મરીન ડ્રાઈવ ટીમ **વિરુદ્ધ** બોરીવલી ટીમ વિજેતા બોરીવલી, મેન ઓફ ધી મેચ - **શ્રી માનીત એસ. શાહ**

(૨) પ્રાર્થના સમાજ-વાલકેશ્વર ટીમ **વિરુદ્ધ** અંધેરી-વિલેપાર્લા ટીમ વિજેતા અંધેરી-વિલેપાર્લા, મેન ઓફ ધી મેચ - **શ્રી જીનેન પી. શાહ**

(૩) ગોરેગામ ટીમ **વિરુદ્ધ** અંધેરી-વિલેપાર્લા ટીમ, વિજેતા અંધેરી-વિલેપાર્લા, મેન ઓફ ધી મેચ - **શ્રી કેયુર શાહ**

(૪) બોરીવલી ટીમ **વિરુદ્ધ** પ્રાર્થના સમાજ-વાલકેશ્વર ટીમ વિજેતા પ્રાર્થના સમાજ - વાલકેશ્વર, મેન ઓફ ધી મેચ - **શ્રી વિસ્મય પી. ચોક્સી**

(૫) પ્રાર્થના સમાજ-વાલકેશ્વર ટીમ **વિરુદ્ધ** ગોરેગામ ટીમ, વિજેતા પ્રાર્થના સમાજ-વાલકેશ્વર ટીમ મેન ઓફ ધી મેચ - **શ્રી રોમીલ ડી. શાહ**

(૬) મરીનડ્રાઈવ ટીમ **વિરુદ્ધ** અંધેરી-વિલેપાર્લા ટીમ, વિજેતા મરીનડ્રાઈવ, મેન ઓફ ધી મેચ - **શ્રી સમીર પી. શાહ**

(૭) બોરીવલી ટીમ **વિરુદ્ધ** અંધેરી-વિલેપાર્લા ટીમ, વિજેતા બોરીવલી, મેન ઓફ ધી મેચ - **શ્રી વિલેશ એમ. સાલવી**

(૮) મરીનડ્રાઈવ ટીમ **વિરુદ્ધ** ગોરેગામ ટીમ, વિજેતા મરીનડ્રાઈવ, મેન ઓફ ધી મેચ - **શ્રી અંબીસ જે. શાહ**

(૯) મરીનડ્રાઈવ ટીમ **વિરુદ્ધ** પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ, વિજેતા મરીનડ્રાઈવ, મેન ઓફ ધી મેચ-**શ્રી કવીશ પી. ઝવેરી**

(૧૦) ગોરેગામ ટીમ **વિરુદ્ધ** બોરીવલી ટીમ, વિજેતા ગોરેગામ, મેન ઓફ ધી મેચ - **શ્રી રચીત શાહ**

### ફાઈનલ ડે નાઈટ મેચ તારીખ ફેરફાર

**ફાઈનલ ડે નાઈટ મેચ બુધવાર, તા. ૮-૩-૨૦૧૭**

**પ્રાર્થના સમાજ-વાલકેશ્વર (સ્પાઈસીસ એન્ડ ફ્લેવર્સ)**

**વિરુદ્ધ મરીનડ્રાઈવ ટીમ (સ્પોર્ટી બીન્સ)**

**વિલસન જીમખાના, મરીનડ્રાઈવ, સાંજે ૬.૦૦ થી ૧૦.૦૦.**

**અલ્પાહાર સાંજના ૫.૪૫ થી ૬.૩૦ સુધી**

**આ વખતે ફાઈનલ મેચ ઢોલ-નગારા તેમજ ડીજે ના મ્યુઝિકના તાલે રમાશે.**

**ક્રિકેટ રિસકજનોને ખેલાડીઓનો ઉત્સાહ વધારવા ખાસ ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.**

❑ **સ્પોર્ટસ સમિતિ**

## ચિ. સાહીલ - પ્રવજ્યા પંથે પગરણ

- અનાદિના સંસાર પરિભ્રમણ પછી જીવ માટે શરણભૂત **સંયમ પંથ**
- શાશ્વતસુખનું કાયમી સરનામું એટલે **સંયમ પંથ**
- વિશ્વના સર્વ જીવો સાથેનો મૈત્રીનો દસ્તાવેજ એટલે **સંયમ પંથ**
- કર્મરાજા ને સંગ્રામમાં મ્હાત કરવાની શક્તિ ધરાવે તે **સંયમ પંથ**
- દેવગતિ ને છોડી મનુષ્યગતિની પ્રશંસા જેના લીધે થાય તે **સંયમ પંથ**

ખેતરવસી - મહાદેવાની શેરીના શ્રીમતી ચંદ્રાબેન તરૂણભાઈ કાંતિલાલ શાહ પરિવારના શ્રીમતી અમીબહેન તથા શ્રી નિખિલભાઈના સુપુત્ર મુમુક્ષુ **સાહિલકુમાર** (ઉ.વ. ૧૫)

પ.પૂ. પ્રશાન્ત મૂર્તિ આચાર્ય દેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા, પાટણના પનોતા પુત્ર પ.પૂ. આ. મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ અનેક મુનિ ભગવંતોના શુભ સાનિધ્યમાં, શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં, વૈશાખ સુદ - ૫, રવિવાર તા. ૩૦-૪-૨૦૧૭ના શ્રી નવજીવન જૈન સંઘ, મુંબઈના આંગણે પ્રવજ્યા અંગીકાર કરશે.

## અનુમોદનીય સદકાર્ય

જૈન સમાજમાં ધાર્મિક દ્રષ્ટિએ ''પુણ્યાનુબંધી પુણ્ય''ની યથાર્થતાનું મહત્વ સમજી કેટલાય ધર્માનુરાગી પરિવારો શુભ પ્રસંગે પણ જાણતા અજાણતા નાની-મોટી જીવહીંસા કે અન્ય રીતે પાપ બંધાય તેની પૂર્વેજ પાળ બાંધવા સમાન જીવદયા, અનાથાશ્રમ કે અન્ય ધર્માદા ખાતામાં આર્થિક યોગદાન આપી ઉજવણી કરે છે.

આપણા સમાજના કેટલાક લોકો લગ્નની કંકોત્રી મળે અને લખ્યું હોય કે ચાંદલો કે ભેટ સ્વીકારવાના નથી એવા લગ્નમાં ચાંદલાની રકમ જેટલી રકમ ધર્માદા સંસ્થામાં ભેટ ધરી એની રસીદ લગ્ન કરનાર વર-કન્યાના નામની બનાવી ભેટ સ્વરૂપે આપે છે. આધ્યાત્મિક કે ધાર્મિક દ્રષ્ટિએ આ અનુકરણીય પ્રથા છે. આવું જ અનુમોદનીય કાર્ય તાજેતરમાં આપણા સમાજના દાતા અને કેમીકલ બજારના પ્રતિષ્ઠિત વ્યાપારી કે. સેવંતીલાલ એન્ડ કું. ના **શ્રી રવિભાઈ સેવંતીલાલની** સુપુત્રી **ચિ. કરિશ્માના લગ્ન પ્રસંગે** રાખેલ પૂજન દરમ્યાન **પ્રભાવના રૂપે પ્રાપ્ત થયેલ રૂા. ૧૦૧/- દરેક આમંત્રિતોએ ''જીવદયા''ની ઉત્કૃષ્ટ ભાવનાથી શ્રી પાટણ પાંજરાપોળને ભેટ તરીકે આપ્યા.** આમ લગ્ન પ્રસંગે રાખેલ પૂજન દરમ્યાન થતી જીવદયાની ટીપથી તો લોકો વાકેફ હોય પરંતુ પૂજનમાં પ્રાપ્ત થયેલ પ્રભાવનાની રકમ પણ પુણ્યાનુબંધી પુણ્યનું ભાથુ બાંધવામાં નિમિત્ત બની. પ્રભાવનાની આ રકમ શ્રી પાટણ પાજરાપોળના મુંગા પશુઓ માટે શાતા પહોંચાડવાનું માધ્યમ બની એટલે જ આ કાર્ય ઉદાહરણિય તો છે જ પણ તે સાથે અનુકરણિય પણ છે. તેની સહર્ષ નોંધ લવી ઘટે.

## દર્શન – મિલનની મહેક
## સમ્યકત્વ અને કેવળજ્ઞાનની ભેટ

અર્ણિકા પુત્રને પૂ. પુષ્પચૂલા સાધ્વીજી મળ્યા - સેવા કરતા કેવળજ્ઞાન. અઈમુત્તા મુનિને પૂ. ગૌતમસ્વામીજી મળ્યા. પાણીમાં પાતરાની હોડી કરી તરાવતા જોઈ પૂ. ગૌતમસ્વામીજીએ પ્રતિબોધ આપ્યો વીર પ્રભુ પાસે પશ્ચાતાપ કરતા કેવળજ્ઞાન.

પ્રથમ તીર્થંકર ઋષભદેવને વર્ષીતપનું શેરડીના રસથી પારણું પૌત્ર શ્રેયાંસકુમારના હસ્તે - પહેલું જ સુપાત્રદાન, ઉચ્ચગતિ, ગજસુકુમાલ મુનિને સસરાએ ક્રોધાવેશમાં ધગધગતા અંગારા માથે મુકી કેવળજ્ઞાનની ભેટ આપી.

ઈલાચીકુમારને દોરડા પર નાચ કરતાં સાધુના દર્શન થતાં શુકલ વિચારે ચઢતા દોરડા પર જ કેવળજ્ઞાન.

મેતારજ મુનિ પર સોનીને શંકા જતા ઉપસર્ગ કર્યો. મુનિ સમતા ભાવે સહન કરતા કેવળજ્ઞાન પામ્યા.

કોશ્યા વેશ્યા - પુ. સ્થૂલિભદ્ર પર ખૂબ રાગી. દીક્ષા લઈ કોશ્યાને ઘેર આવી જૈન ધર્મથી પ્રતિબોધ કરી સમકીત ધારી બનાવી.

પૂ. વ્રજસ્વામીજી પૂ. સાધ્વીજી મ. ના સ્વાધ્યાય શ્રવણથી અગિયાર અંગનું જ્ઞાન પ્રાપ્ત કરી જીવનને ઉચ્ચગામી બનાવી કુમાર વંકચૂળ - ગુરુજીનું મિલન ચાર નિયમોનું પાલન કરી દેવગતિ મેળવી.

આર્દ્રકુમારને અભયકુમારની મૈત્રીથી રત્નપ્રતિમાજીના દર્શન થતાં જાતિસ્મરણજ્ઞાન - જીવનને ઉર્ધ્વગામી બનાવ્યું. સુલસા શ્રાવિકાને વીરપ્રભુએ ધર્મલાભ કહેવડાવ્યા. રોમાંચ થઈ સમકિત પામી.

પૂ. ચંદનબાળા સાધ્વીજીને કેવળી પૂ. મૃગાવતી મહારાજની આશાતના થતાં પશ્ચાતાપ થતા કેવળજ્ઞાન.

પૂ. ગૌતમસ્વામીજીને પરમાત્મા મહાવીર પ્રભુનો વિયોગ થતા વિલાપ કરતા કેવળજ્ઞાન થયું.

બાહુબલીને પ્રભુના કહેવાથી બ્રાહ્મી-સુંદરીએ કહ્યું કે વીરા મોરા **"ગજ થકી ઉતરો, ગજે કેવળ ન હોય"** અભિમાન છોડી નાના ભાઈઓને વંદન કરવા પગ ઉપાડ્યો ને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

શ્રેણિકરાજાને અનાથી મુનિના દર્શનથી સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થયું રહનેમિને રાજુલને જોતા વિકાર ઉત્પન્ન થતા રાજુલે બોધ આપ્યો અને સંયમમાં સ્થિર કર્યા અને બન્નેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

કુમારપાળ રાજાને પૂ. હેમચંદ્રાચાર્યજી મળ્યા અને અહિંસકનો પ્રતિબોધ આપી સર્વાંગ સુંદર પદવીની ભેટ આપી.

ગુરુ-શિષ્ય - ક્રોધીગુરુના અપશબ્દો અને માર ખાતા સમતા ભાવે સહન કરતા કેવળજ્ઞાન મળ્યું.

પીંજરમાં પૂરેલા પશુઓનો પોકાર સુણી નેમકુમાર લગ્નના માંડવેથી પાછા ફરતા દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી તીર્થંકર બન્યા.

પર્વના દિવસે બીજા મુનિભાઈઓ તરફથી તપ ન થતાં તિરસ્કાર થતાં પશ્ચાતાપ કરતા, કોળિયો મોઢામાં નાખતા કેવળજ્ઞાન થયું. બંધકમુનિ - રાજાને રાણીનો પ્રેમી એવી શંકા થવાથી શરીરની ખાલ ઉતારી લાવવાનો સેવકને ઉપદેશ આપતા મુનિ આ ઉપસર્ગ કર્મ ખપાવવાનો અવસર જાણી બધુ વોસરાવી સમતા ભાવે સહન કરતા કેવળજ્ઞાન પામ્યા.

આવા આવા તો જૈન શાસનમાં ઘણા જ હીરલાઓ છે કે જેઓએ સમતાભાવે શુકલધ્યાનમાં સ્થિર થતાં કેવળજ્ઞાનની ભેટ મળી છે.

ધન્ય છે આવા કેવળજ્ઞાની મહાત્માઓને કે જેઓએ પોતાનું પણ જીવન સુધાર્યુ અને બીજાઓને પ્રેરણાદાયી બન્યા.

❑ **શ્રીમતી ઊર્મીલાબેન ધીરેન્દ્ર ઝવેરી**

## સંસ્થા સમાચાર

o ખેતરવસી શામળાજીની શેરી દ્વારા તા. ૭-૨-૨૦૧૭થી તા. ૧૦-૨-૨૦૧૭ પંચગિનિ-મહાબળેશ્વર યાત્રા પ્રવાસ યોજાયેલ, જેમાં તળેગાંવ, કળશ, દેહગાંવ, આણંદી, પંચગિનિ, કાત્રજ, પાબલ વિગેરે સ્થળોએ સેવા પૂજા, જ્ઞાન-ગમ્મત સાથે આનંદપુર્વક યાત્રા પ્રવાસ માણેલ.


**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા** Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ : પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન : ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩

**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કાું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮

**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુઃખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૧૫-૮-૧૬ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૮૭૫**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ | રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | | | |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી | રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી | રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | | | |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt



# પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ
## સુંદર મજાનું સોલ્યુશન

**આચાર્ય મેઘદર્શન સુરિશ્વરજી મહારાજ સાહેબ**

અદ્‌ભુત એવા જિનશાસનને, વંદન - વંદન - વંદન.....!

આપણા મહાન પુણ્યોદયે આપણને દસ દ્રષ્ટાંત દુર્લભ માનવજીવન અને અદ્‌ભુત, અલૌકિક, અદ્વિતિય જૈન શાસન પ્રાપ્ત થયું છે, એટલું જ નહીં, આપણા પૂર્વજો તરફથી આપણને અનેક તીર્થો, જિનમંદિરો, જિનપ્રતિમાઓ, ઉપાશ્રયો, આયંબીલશાળાઓ, પાઠશાળાઓ, જ્ઞાનભંડારો વગેરેનો બહુમૂલ્ય, ઉત્તમોત્તમ વારસો પણ મળ્યો છે, મહાપુણ્યોદયે પ્રાપ્ત થયેલા આ ઉત્તમોત્તમ વારસાને સાચવવાની - રક્ષવાની - વધારવાની દીપાવવાની આપણા સૌની જવાબદારી છે. જેને યથાશક્ય નિભાવવાના પ્રયત્નો પણ ચાલી રહ્યા છે, તે આનંદની વાત છે.

આજે આપણે તેમાના એક વારસાની અને તેને દીપાવવાના પ્રેક્ટીકલ ઉપાયની વિચારણા કરવી છે. જો આપણે સૌ તે દિશામાં સક્રિય પ્રયત્નો કરીએ તો તેમાં ચોક્કસ સફળતા મળે તેવું મારું માનવું છે. તે માટે આપ સૌને હવે પછીની વિગતો શાંતિથી વાંચવા, ખુલ્લા દિલે વિચારવા અને સક્રિયપણે તેનો સકારાત્મક રીતે અમલ કરવા ખાસ ભલામણ છે.

‘‘જૈન માત્રને ભગવાનના દર્શન કર્યા વિના અન્ન-જળ લેવાનું કે પૂજા કર્યા વિના ભોજન લેવાનું ન ચાલે, ભગવાનની ભક્તિ તેના રોમરોમમાં વણાયેલી હોય તેથી તેણે પોતાના એરિયામાં તો વિશાળ જિનાલયો બનાવ્યા હોય પણ સાથે સાથે પોતાના ઘરમાં પણ તે ઘર દેરાસર બનાવે જ, તેમાં ભગવાનની ભક્તિ પણ કરે જ.’’ વગેરે ઉપદેશોને જીવનમાં વણી લઈને પાટણ, ખંભાત, રાધનપુર, અમદાવાદ વગેરે અનેક સ્થળોએ પૂર્વકાળના જૈનોએ પોતાના મહોલ્લા, પાડા, શેરી, પોળ વગેરેમાં જિનાલયો બનાવવાપૂર્વક પોતાના ઘરદેરાસરોમાં પણ પંચધાતુના ભગવાન બિરાજમાન કર્યાં હતા અને તેમાં સવારે દર્શન કરીને નવકારશી, સેવા-પૂજા વગેરે કરીને, મહોલ્લાના જિનાલયમાં પણ પૂજા કર્યા પછી જમવાનું કરતા હતા.

સમય બદલાયો, આર્થિક-સામાજિક-કૌટુંબિક વગેરે કારણોસર પોતાનું ગામ છોડીને મુંબઈ વગેરે શહેરોમાં જવાનો અવસર આવ્યો ત્યારે જેમની અનુકૂળતા થઈ તેઓ તો પોતાના ઘરદેરાસરના ભગવાન સાથે લઈને ગયા, પણ જેમની તેવી અનુકૂળતા ન રહી તેઓએ નાછૂટકે પુષ્કળ દુ:ખ સાથે પોતાના ઘરદેરાસરના ભગવાનને સંઘના દેરાસરમાં બિરાજમાન કરીને જવું પડ્યું. પરિણામે આજે આપણને પાટણ-રાધનપુર-ખંભાત-અમદાવાદ વગેરેના પ્રત્યેક દેરાસરોમાં ૫૦-૧૦૦-૨૦૦ પંચધાતુના પરમાત્મા જોવા મળે છે.

સમય જતાં પરિસ્થિતિ વધારે બદલાઈ, ઘરો ઓછા થતાં ગયા. તેથી પૂજા કરનારા લોકોની સંખ્યા નહીંવત્ થઈ ગઈ. ઘણાં ભગવાન પૂજાતા નથી. પૂજારીઓના ભરોસે છે, પાણીનું પોતું ફેરવાય છે. ઘણી ઘણી આશાતનાઓ થાય છે, જેનાથી આપ સૌ પરિચિત છો.

હૃદયમાં વેદના અને વ્યથા છે કે, એક બાજુ મુંબઈમાં લાઈનમાં ઊભા રહીને અભિષેક કરનારા લોકો છે બીજી બાજુ ત્યાં ભગવાનનો અભિષેક કરનાર જ કોઈ નથી. એક બાજુ ભગવાનની સાલગીરી વગેરે પ્રસંગે લાખો રૂપિયાનો લાભ લેનારાઓની લાઈન છે તો બીજી બાજુ ભગવાનની પૂજા પણ થઈ કે નહીં? તેની કાળજી લેનાર કોઈ નથી! આ દુનિયામાં એક દીકરો સોના-ચાંદીના હીંચોળે હીંચાતો હોય, મિષ્ટાન, ફરસાણ આરોગતો હોય અને બીજા દીકરાને રહેવાના કે જમવાના પણ ફાંફા હોય તો માની હાલત શું હોય ? શાંતિથી વિચારો.

મને સમસ્યામાં રસ નથી, સમાધાનમાં રસ છે. આપણે ઉપરોક્ત પરિસ્થિતિમાં સુધારો લાવવા શું કરી શકીએ ? મહોલ્લાઓ-પોળમાં પૂજા કરવા નવા ઘરો આર્થિક - સામાજિક કારણસર વસાવવા શક્ય જણાતું નથી. ત્યાંથી મુંબઈના લોકો ૧-૧ ભગવાન લાવીને પોતાના ત્યાં ઘરદેરાસર બનાવીને બિરાજમાન કરે તે પણ શક્ય જણાતું નથી. તેથી હવે શક્ય બને તેવો ઉપાય મને એવા સૂઝે છે કે....

મુંબઈના (ભાયંદર, બોરીવલી, કાંદિવલી, મલાડ, ગોરેગામ, વિલેપાર્લા, સાંતાક્રુઝ, ગોવાલિયાટેન્ક, ભાયખલા, માટુંગા, ઘાટકોપર, મુલુંડ, ડોમ્બીવલી, ભીવંડી વગેરે) વિસ્તારોમાં જૈનોની વધારે વસતી છે, તે વિસ્તારોમાં રહેલાં સંઘો આ બાબતમાં વિશેષ રસ લઈને આ વિષયમાં સુંદર કાર્ય કરીને લખલૂટ પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકે છે. મંદિરનો જિર્ણોદ્ધાર કરવામાં જો નવગણું પુણ્ય બંધાતું હોય તો મને લાગે છે કે પરમપિતા પરમાત્માની પ્રતિમાની રક્ષા - સંવર્ધન અને આશાતના નિવારણનું કાર્ય કરવામાં તો નવા બિંબ ભરાવવાની અપેક્ષાએ અનંતગણું પુણ્ય બંધાય.

આવા જૈનોની વધારે વસતિવાળા સંઘો ઓછામાં ઓછા ૧૦૮ પંચધાતુના ભગવાન પોતાના સંઘમાં લાવીને તેમની પૂજાદિ ભક્તિ શરૂ કરાવે. તે માટે

(૧) પોતાના શિખરબંધી જિનાલયના રંગમંડપમાં બે બાજુની દિવાલે ગોખલા બનાવીને કે બે બાજુ રહેલાં બે બે થાંભલાની વચ્ચે પાંચ પાંચ સેલ્ફ (અભરાઈ જેવા) બનાવીને દરેકમાં ૧૦ થી ૧૨ ભગવાન બિરાજમાન કરે. નવું કાંઈ વિશેષ કરવું ન પડે. રોજ ૪૦૦ જણ જો પૂજા કરવા આવતા હોય તો ઓછામાં ઓછા ૫૦ વ્યક્તિઓ તો દરેક ભગવાન પૂજાશે જ. વળી લોકોની અવરજવર હોવાના કારણે પૂજારી બરોબર ધ્યાન રાખશે. આશાતના બંધ થશે. વિશેષ જગ્યાની જરૂર પણ ન પડે.

(૨) જો સંઘના દેરાસરમાં શક્ય ન બને તો કેમ્પસમાં, બાજુમાં, ઉપાશ્રયના કોઈ રૂમમાં, કોઈ ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટમાં પણ આ ૧૦૮ ભગવાનને બિરાજમાન કરી શકાય. દેરાસરની નજીક હોવાથી પૂજા કરવા ઘણાં લોકો આવે. વ્યવસ્થાની જવાબદારી સંઘે કે આસપાસના રહીશોએ લેવાની રહે.

**ઉપરના બન્ને વિકલ્પમાં દરેક ભગવાનની નીચે**

(૧) ભગવાનનું નામ, તે ક્યાંથી પધાર્યા છે અને તે કેટલા વર્ષ પ્રાચીન છે ? તેની વિગત લખવામાં આવે, જેથી તેમની પ્રાચીનતાને કારણે લોકોને તેમની ભક્તિ કરવાના વિશેષ ભાવો જાગે.

(૨) વર્તમાનમાં અષ્ટપ્રકારી પૂજા કરનારો વર્ગ વધતાં જાય છે. કેટલીક જગ્યાએ ૧ ભગવાનની ૫-૭ વાર પણ પૂજા થાય છે. કારણકે દેરાસરમાં પૂજા કરનારા કરતાં ભગવાન ઓછા છે જો નિયમ બનાવાય કે જે ભગવાનની અષ્ટ પ્રકારી પૂજા-આંગી વગેરે થઈ હોય તો અન્ય વ્યક્તિએ તે સિવાયના બીજા જ ભગવાન લેવા તો ઘણાં ભગવાન ભાવ-ભક્તિપૂર્વક પૂજાય.

(૩) કેટલાંક ભાવુકોને પોતાના દેરાસર માટે પ્રાચીન ભગવાન જોઈએ છે પણ મળતા નથી, કારણ કે ક્યાં છે ? તે ખબર નથી. મુંબઈના જિનાલયોમાં બિરાજમાન આવા ભગવાનના દર્શન કરતા કરતા જેમને ગમી જાય પોતાના જિનાલયમાં પૂજવા જરૂર હોય તેમને તે ભગવાન આપી શકાય. આ રીતે પ્રાચીન મૂર્તિભંડાર પણ કરવાનો લાભ મળે.

(૪) **એક દ્રશ્યની કલ્પના કરીએ:** એક સાથે એક સંઘમાં ૧૦૮ પ્રાચીન પરમાત્માની ચલપ્રતિષ્ઠા માટેનો ભવ્ય વરઘોડો નીકળતો હોય, લોકોના ભાવો હિલોળે ચડતાં હોય ત્યારે કેટલા બધા આત્માઓ સમ્યગદર્શનાદિ ગુણો પામી જાય ! આવું સુંદર દ્રશ્ય મુંબઈના ઘણાં સંઘો પેદા કરે તેવી શુભભાવના. (જો ૧૦૮ ભગવાન માટે શક્ય બને તો છેવટે ૭૫-૫૪-૨૭ -૧૫-૧૦ ભગવાન પણ લાવજો જ)

સાથે સાથે, પાટણ, રાધનપુર, ખંભાત, અમદાવાદ વગેરે સ્થળોના ટ્રસ્ટીઓને પણ ભલામણ છે કે તમે ભલે આજે પરમાત્માની વિશેષ ભક્તિ, સાચવણી, કાળજી થાય તે માટે પણ તમારા ત્યાં રહેલાં પંચધાતુના પરમાત્માને આવા તૈયાર થનારાના સ્થાનોમાં - સંઘોમાં આપવાની ઉદારતા અવશ્ય બતાડજો. તેમાં તમને પણ વિશેષ પુણ્યાનુબંધી પુણ્ય બંધાશે.

**ખાસ નોંધ -** જે સંઘોને પોતાના ત્યાં ભગવાન બિરાજમાન કરીને લાભ લેવો હોય તથા જે સંઘો / જિનાલયો ભગવાનને આપવાની અનુકૂળતા કરવાના હોય તેમણે મને નીચેના સરનામે જણ કરવા વિનંતી છે.

**પત્ર વ્યવહાર સંપર્ક :** આચાર્ય મેઘદર્શન સૂરિશ્વરજી મહારાજ સાહેબ
ઠે. વર્ધમાન સંસ્કારધામ, ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળે,
ગીરગામ ચર્ચ સામે, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪.
ફોન : સ્મિતભાઈ - ૯૯૨૦૧૦૨૦૯૧


Dance Training for children and adults by
professionally trained Dancer and Choreographer
DHRUVI SANDEEP SHAH
* Individual and Group Workshops in various dance forms (Classical, Bollywood, Contemporary & many more)
* Fitness plus Dance * Choreography for Weddings, Events, Competitions & Personal Training
Contact : 9820238275 / 9930068275
E-mail : dhruvishah98@gmail.com
Instagram : @dhruvishah_198
ADVT


# સ્વદ્રવ્યે જિનાલય નિર્માણ

ઘણા વર્ષોથી મનમાં સેવેલા મનોરથો જ્યારે પુર્ણતાને આરે આવે ત્યારે હૈયુ થનગનાટ અને મસ્તીની મોજમાં મ્હાલે તેવો અવિસ્મરણિય અવસર એટલે પાલીતાણા મુકામે વાસુપૂજ્ય હરસિદ્ધિ ચામુંડા ધામે પરમતારક પરમાત્મા શ્રી વાસુપૂજ્ય સ્વામી તથા જિનબિંબો તથા શ્રી અમૃતલાલ જેશીંગલાલ શાહ (પટ્ટણી ઓપ્ટીશિયન)(ભાભાનો પાડો) પરિવારની કુળદેવી શ્રી હરસિદ્ધિ માતાને સંવત ૨૦૭૩ પોષવદ ૬, બુધવાર તા. ૧૮-૧-૨૦૧૭ના સ્વ. શ્રીમતી મણીબેન અમૃતલાલ શાહ જેમની વાત્સલ્ય ધારામાં પાવન થયેલ સુપુત્રો **શ્રી મહેન્દ્રભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ તથા શ્રી બિપીનભાઈના પરિવારજનોના વરદ હસ્તે** સ્વદ્રવ્યથી નિર્માણ પામેલ શિખરબંધી જિનાલયમાં વિમલગચ્છાધિપતી પ.પૂ.આ. શ્રી પ્રધુમ્ન વિમલ સૂરીશ્વરજી મ.સા.ના કરકમલોથી ચતુર્વિધ સંઘની હાજરીમાં પુણ્યાહમ પુણ્યાહમ, પ્રિયતામ પ્રીયતામના ગગનભેદી નારાઓ સાથે ધામધૂમ પૂર્વક ગાદીનસીન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે તા. ૧૪-૧-૨૦૧૭ થી ૧૮-૧-૨૦૧૭ દરમિયાન પંચાન્હિનકા મહોત્સવમાં કુંભસ્થાપના, દિપક સ્થાપના, જવાર રોપણ, ક્ષેત્રપાલ પૂજન, તોરણ પૂજન, માણેક સ્થંભ રોપણ, પ્રભુજીના પંચકલ્યાણ પૂજા, લઘુ નંદાવ્રત પૂજન, ભૈરવ પૂજન, ૧૬ વિદ્યાદેવી પૂજન, લઘુ વિશ સ્થાનક પૂજન, અષ્ઠોતરી શાંતિ સ્નાત્ર, સત્તરભેદી પૂજા ઈત્યાદી સહ નિત્ય ભક્તિભાવનાનું સુંદર આયોજનમાં સર્વે આમંત્રીતો ઉલ્લાસપૂર્વક જોડાયા હતા.

જિનાલય પ્રતિષ્ઠા અવસરે પ.પૂ. વિમલ ગચ્છાધિપતિ આ. શ્રી પ્રધુમ્નવિમલસૂરી મ.સા., પ.પૂ. આ. અશોકસાગર સૂરીશ્વરજી મ.સા. પ.પૂ. આ. વિનયસાગર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આ. જયાનંદ સૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આ. અભયસેન સૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આ. સોમસુંદરસાગર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આ. નરેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા મગરવાડા ગાદિપતિ યતિવર્ય શ્રી વિજય સોમજી મ.સા., પૂ. મૂનિશ્રી પદ્મ વિમલજી મ.સા., પૂ. મુનીશ્રી પ્રિતેશ વિમલજી મ.સા., પૂ. મુનિશ્રી નયપદ્મ વિમલજી મ.સા., પૂ. મુનિશ્રી શ્રમણ વિમલજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી રાજ્યશ્રી વિમલજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી પ્રજ્ઞેશ વિમલજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી આગમ વિમલજી મ.સા., પૂ. મુનિશ્રી વૈરાગ્ય વિમલજી મ.સા. તેમજ શ્રમણી વૃંદની પાવન નિશ્રા પ્રાપ્ત થયેલ.

પ્રતિષ્ઠાને પોતાના મધુરકંઠે તથા ગીત-સંગીતને વાજીંત્રોથી યાદગાર બનાવવા પધારેલ શ્રી રાજેશભાઈ જૈન તથા વિધિવિધાન કરાવવા શ્રી હેમંતભાઈ (મક્ષીજીવાળા)એ સર્વે ભાવિકોના મન મોહી લીધા.

જિનાલયનું નિર્માણ જ્યાં અનંતાનંત આત્માઓ મોક્ષે સિધાવ્યા છે તેવા પરમપાવન તિર્થાધિપતિ તિર્થ પાલીતાણાથી કીર્તિધામ વચ્ચે તોડી ગામ પાસે માત્ર ૧૦ કિ.મી. ના અંતરે કરવામાં આવેલ છે. જ્યાં શ્રી ચંદ્રકાંતભાઈએ તેમના પુત્ર સ્વ. ચિરાગની સ્મૃતિમાં પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોના વૈયાવચ્ચ માટે વિહારધામનું સુંદર નિર્માણ કરાવ્યું છે.

## સાભાર સ્વીકાર
પાનુ નં. ૧૧ થી ચાલુ

૨૦,૦૦૦/- શ્રી જિતેન્દ્રભાઈ મણીલાલ શાહ (HUF) (ભાભાનો પાડો)
ચિ. જીનય અજયભાઈ શાહના લગ્ન પ્રસંગે
હ. શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ મણીલાલ શાહ તથા શ્રીમતી રીમાબેન અજયભાઈ શાહ

૧૧,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (કપૂરમહેતાનો પાડો)

૧૦,૦૦૦/- સ્વ. શ્રીમતી રશ્મિકાબેન ભૂપેન્દ્રકુમાર શાહના સ્મરણાર્થે (દિશા કાર્યશાળા માટે) (કુંભારિયાપાડો)
હ. શ્રી રચના શાહ, શ્રી અમી શાહ, શ્રી સોનલ નગરશેઠ

૫,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ ભગવાનદાસ શાહ (વખતજીની શેરી)

૫,૦૦૦/- શ્રી કૌશિકભાઈ પ્રવિણચંદ્ર શાહ
ચિ. બિરેનના લગ્નની ખુશાલીમાં (મનમોહનજીની શેરી)

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ / દવા સહાય ભેટ / શિક્ષણ સહાય ભેટ

૧૫,૦૦૦/- શ્રીમતી તૃપ્તિબેન જતીનભાઈ શાહ (વખતજીની શેરી)
સ્વ. શ્રીમતી જયલતાબેન મહેન્દ્રભાઈ સફરીના સ્મરણાર્થે

### દવા સહાય ભેટ

૧૦,૦૦૦/- શ્રીમતી રાજકુમારીબેન એન. છાબરીયા

૧૧,૦૦૦/- શ્રી જિતેન્દ્રભાઈ મણીલાલ શાહ (HUF) (ભાભાનો પાડો)
ચિ. જીનય અજયભાઈ શાહના લગ્ન પ્રસંગે
હ. શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ મણીલાલ શાહ તથા શ્રીમતી રીમાબેન અજયભાઈ શાહ

### આર્થિક સહાય ભેટ

૧૦,૦૦૦/- શ્રી પ્રવિણચંદ્ર વિઠ્ઠલદાસ પારેખ (કસુંબીયા વાડો)

### હેલ્થકેર સાધન ભેટ

૫,૦૦૦/- શ્રીમતી સુનંદાબેન નંદકુમાર કાલુંખે.

## દહિસરથી વિરાર રહેતા સમાજના પરિવારોને મેડીકલ સુવિધા

વર્ધમાન સંસ્કાર ધામ દ્વારા વિનય નગર મીરારોડમાં પેથોલોજી લેબ ચાલુ કરેલ છે, જેમાં અન્ય લેબોરેટરીઓ કરતા ઘણા ઓછા દરે રિપોર્ટ કાઢવામાં આવે છે, અને હવે શ્રી પાટણ જૈન મંડળના સહયોગથી ફક્ત **પાટણના લોકો માટે ૨૦% અલગથી ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.** અશક્ત દર્દીઓ માટે CBC/RBC જેવા કેટલાક બ્લડ-યુરીન ટેસ્ટની સુવિધા ઘરબેઠા પણ આપવામાં આવશે, આ ઉપરાંત ભાયંદર વેસ્ટમાં Quali Lab માં પણ ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. આ માટે નિલેશ કાંતિલાલ શાહ - ભાયંદરની 9321150160 ચિઠ્ઠી અથવા શ્રી પાટણ જૈન મંડળનું મેડીકલ કાર્ડ લઈને જવાનું રહેશે.

આ સંકુલમાં **શ્રી તુષાર પ્રવિણચંદ્ર શાહ પબ્લિક હેલ્થ કેર સેન્ટરમાં** ઓક્સીજન, વ્હીલચેર, હૉસ્પિટલ બેડ ઈત્યાદી સાધનોની સુવિધા ગત વર્ષથી **સાર્વજનિક ધોરણે** માત્ર નજીવી ડીપોઝીટ લઈને આપવામાં આવે છે જેનો સૌએ લાભ લેવા વિનંતી છે.

**Vardhman Sanskar Dham Medical Centre.**
**Vinay Nagar, Nr. Zankar factory, behind Brand Factory, Mira Road. ct. No. 022 28133542/62/82**

## શુભ વિવાહ

**✻ સંવત ૨૦૭૩, પોષ વદ ૧૦ રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭**
શ્રી કૌશિકભાઈ પ્રવિણચંદ્ર શાહના સુપુત્ર **ચિ. બીરેન** (મનમોહનજીની શેરી)
શ્રી રાજેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહની સુપુત્રી **ચિ. ગોલ્ડી** (ભાવનગર)

**✻ સંવત ૨૦૭૩, મહા સુદ ૨ રવિવાર તા. ૨૯-૧-૨૦૧૭**
શ્રી અજયભાઈ જિતેન્દ્રભાઈ શાહના સુપુત્ર **ચિ. જીનય** (ભાભાનો પાડો)
શ્રી અક્ષયભાઈ દિનેશભાઈ શાહની સુપુત્રી **ચિ. ફોરમ** (વખતજીની શેરી)

**સંવત ૨૦૭૩, મહા સુદ ૭ શુક્રવાર તા. ૩-૨-૨૦૧૭**
સ્વ. શ્રી મુલચંદભાઈ ગીરધરલાલ શાહના સુપુત્ર **ચિ. હેમલ** (વખતજીની શેરી)
શ્રી દિપકભાઈ ચુનીલાલ શાહની સુપુત્રી **ચિ. શૈશવી** (ભાવનગર)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાંડેસરા | કસુંબિયાવાડો | ચીનુભાઈ ખોડીદાસ જસવા | ૭૨ | કાંદિવલી | ૧૬-૦૧-૨૦૧૭ | પોષ વદ-૦૪ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીનીશેરી | મહેશચંદ્ર ચંદુલાલ (ગઢડાવાળા) | ૭૮ | પાટણ | ૧૯-૦૧-૨૦૧૭ | પોષ વદ-૦૭ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | ચંદ્રાબેન પ્રવિણભાઈ શાહ | ૮૦ | પાટણ | ૧૯-૦૧-૨૦૧૭ | પોષ વદ-૦૭ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | પ્રવિણભાઈ લક્ષ્મીચંદ શાહ | ૮૩ | વિલેપાર્લા | ૨૫-૦૧-૨૦૧૭ | પોષ વદ-૧૩ |
| દશા ઓસવાલ | ચૌધરીની શેરી | ચંદ્રાબેન સુરેન્દ્રભાઈ શાહ | ૮૬ | વિલેપાર્લા | ૨૫-૦૧-૨૦૧૭ | પોષ વદ-૧૩ |
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | આણંદીબેન સેવંતીલાલ સાંડેસરા | ૯૨ | મરીનડ્રાઈવ | ૨૮-૦૧-૨૦૧૭ | મહા સુદ-૦૧ |
| વિશા શ્રીમાળી | ચૌધરીની શેરી | સૂર્યબાળાબેન મણીલાલ શાહ | ૮૦ | બોરીવલી | ૦૧-૦૨-૨૦૧૭ | મહા સુદ-૦૫ |
| દશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | ઉર્મીલાબેન ઈંદુલાલ વોરા | ૮૩ | બોરીવલી | ૦૬-૦૨-૨૦૧૭ | મહા સુદ-૧૦ * |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન ** દેહદાન કરો અને કરાવો (યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)

## શાળાનું અને સંસ્થાનું ગૌરવ



શ્રી પાટણ જૈન મંડળ, મુંબઈ સંચાલિત શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલય **આચાર્યશ્રી ડૉ. બી.આર. દેસાઈને** તા. ૧૭-૨-૨૦૧૭ના રોજ **ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિને સફળતાપુર્વક વેગ આપવા તથા પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિની નોંધ લઈ,** રાજભવન ખાતે રાજ્ય પુરસ્કાર એવોર્ડ સમારોહમાં **રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે 'THANKS BADGE'** એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ. આ સન્માન મેળવી આચાર્યશ્રીએ સંસ્થા તથા શાળાનું ગોરવ વધારેલ છે. તેઓની આ સિદ્ધિને બિરદાવતા હાર્દિક અભિનંદન આપવામાં આવે છે. ભવિષ્યમાં શિક્ષણના દરેક ક્ષેત્રે પણ આવી સિદ્ધિઓ મેળવી શાળા અને સંસ્થાનું ગૌરવ વધારે તેવી હાર્દિક અભિલાષા. ❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## પાટણનું ગૌરવ



**મહાલક્ષ્મી માતાના પાડાના** અમદાવાદ સ્થિત શ્રીંમતી ચારૂબેન તથા શ્રી રજનીકાંત માણેકલાલ શાહના પુત્ર **ચિ. મૌલિક તથા પુત્રવધુ શ્રીમતી ઈશીરાએ તા. ૯-૧-૨૦૧૭ના દિવ્ય ભાસ્કર યોજિત અમદાવાદ ખાતે સપ્તક કાર્યક્રમમાં નૃત્યનો પ્રારંભ** તેર માત્રા તીનતાલમાં ટૂકડાથી કર્યો, તાલ જયતમાં ડ્યુએટ, "અર્ધનારીશ્વર" નૃત્ય પ્રસ્તુત કરતાં ઉપસ્થિત સર્વે રસિકજનોએ તાળીઓના ગડગડાટ સાથે દંપતિને વધાવી લીધેલ. **ચિ. મૌલિક તથા ઈશીરા ઈન્ટરનેશનલ લેવલના કલાકારો છે તેઓ છેલ્લા પાંત્રીસ વર્ષથી કથ્થક નૃત્યના ઘણા સ્ટેજ શો ભારત તથા વિદેશમાં કરે છે.**

સંગીત તથા નૃત્યક્ષેત્રે સમાજનું નામ ઉજ્જવળ કરનાર દંપતિને અભિનંદન સહ ઉત્તરોત્તર અનેકવિધ સફળતાના સોપાનો સર કરે તેવી હાર્દિક શુભેચ્છા.

## સાભાર સ્વીકાર

**શતાબ્દિ ગૌરવ ફંડ**

૧૧,૦૦,૦૦૦/- શ્રી રમણલાલ નગીનદાસ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (વખતજીની શેરી)
૫,૦૦,૦૦૦/- શ્રી પ્રદીપકુમાર લક્ષ્મીચંદ ઝવેરી (ખેતરપાળનો પાડો)
૪,૫૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી (કનાસાનો પાડો)
૧,૦૦,૦૦૦/- જે.કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો)

**રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૭,૦૦,૦૦૦/- બાબુ પનાલાલ પૂનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**સમાજ વિકાસ ફંડ**

૩,૦૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)
૨,૦૦,૦૦૦/- બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજૂરીનો પાડો)
૨,૦૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારિયા પાડો)
૧,૨૫,૦૦૦/- શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
 હ. શ્રીમતી સોનલબેન ધીરેનભાઈ શાહ

**ઝભલાવાળા મેમોરિઅલ કેન્સર મેડીકલ રીલીફ ફંડ**

સ્વ. શ્રી ભુપેનભાઈ જયંતિલાલ શાહના સ્મરણાર્થે (ખેતરવસી, મહાદેવાજીની શેરી)
૨,૦૦,૦૦૦/- શ્રીમતી રીટાબેન ભૂપેનભાઈ શાહ
 હ. શ્રી વિરલભાઈ અને શ્રી દર્શનભાઈ શાહ
૫૦,૦૦૦/- શ્રી ધીરેનભાઈ જયંતિલાલ શાહ
૫૦,૦૦૦/- શ્રી નરેનભાઈ જયંતિલાલ શાહ
૫૦,૦૦૦/- શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ
૨૫,૦૦૦/- શ્રી રાજીવભાઈ પ્રફુલભાઈ શાહ
૨૫,૦૦૦/- શ્રી પરાગભાઈ પ્રફુલભાઈ શાહ
હ. શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ શાહ (ઝભલાવાળા)
કુલ રૂા. ૪,૦૦,૦૦૦/-

**અતિથિગૃહ રીનોવેશન ભેટ**

૧,૫૦,૦૦૦/- શ્રી ધીરેનભાઈ જયંતિલાલ શાહ તથા શ્રી નરેનભાઈ જયંતિલાલ શાહ (ખેતરવસી, મહાદેવાજીની શેરી)
૧,૫૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારિયા પાડો)
૧,૫૦,૦૦૦/- શ્રી જયંતિલાલ મણિલાલ શાહ (દેવડાવાળા) (લીમડીનો પાડો)
હ. શ્રીમતી દીનાબેન જ્યોતિન્દ્રભાઈ દેવડાવાળા

**ક્રિકેટ ટુર્નામેન્ટ સૌજન્ય ભેટ**

૩૫,૦૦૦/- શ્રી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા (કનાસાનો પાડો)
૩૫,૦૦૦/- શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૩૫,૦૦૦/- શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહ (તંબોલીવાડો)
૩૫,૦૦૦/- શ્રી હર્ષલભાઈ
૩૫,૦૦૦/- શ્રી કલ્પેશભાઈ કીર્તિલાલ શાહ (કોકાનો પાડો)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૨૧,૦૦૦/- શ્રીમતી હિનાબેન યશમુખભાઈ શાહ
સ્વ. શ્રી પ્રશાંતભાઈ જયંતિલાલ કોઠારીના સ્મરણાર્થે (કનાસાનો પાડો)

(વધુ માટે જુઓ પાનું ૧૦)

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB • February 2017 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ

સંસ્થાની શતાબ્દિ પૂર્ણાહુતિએ શ્રી પાટણ જૈન મંડળ પાસે સમાજના જરૂરિયાતવાળા પરિવારો તરફથી આવતી જીવન નિર્વાહ, મહિલા ઉત્કર્ષ, વૃદ્ધજન સહાય માટેની અરજીઓની સામે અપૂરતા ફંડના લીધે આપણે ઘણી ઓછી રકમ જ ફાળવી શકીયે છે. સમાજને તેની જરૂરિયાતો મહદ્અંશે સંતોષી શકવાના ભગીરથ મનોરથો સાથે આવક સ્ત્રોતો તથા ખર્ચના આંકડાઓનું તાલમેલ જાળવવા મંડળ દ્વારા પ્રારંભ કરવામાં આવેલ **''પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ''ના રત્ન સ્થંભ રૂા. ૧૧ લાખ, સુવર્ણ સ્થંભ રૂા. ૮ લાખ** તથા **રજત સ્થંભ રૂા. ૫ લાખની** રકમ ત્રણ વર્ષના સમયગાળામાં આપવાની યોજનામાં જોડાયેલ દાતાઓની નામાવલી અત્રે પ્રગટ કરતા હર્ષ થાય છે. આ યોજના અંતર્ગત સમાજના વધુમાં વધુ દાતા પરિવારોને જોડાવવા હાર્દિક વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

### પાટણ શતાબ્દિ ગૌરવ

| દાતાશ્રીના નામ | મહોલ્લો | રૂપિયા |
|---|---|---|
| **રત્ન સ્થંભ** | | |
| શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી | કનાસાનો પાડો | ૧૧ લાખ |
| સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ | કુંભારીયા પાડો | ૧૧ લાખ |
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | સિદ્ધચક્રની પોળ | ૧૧ લાખ |
| શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | મલ્લાતનો પાડો | ૧૧ લાખ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | કનાસાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ | ઢંઢેરવાડો | ૧૧ લાખ |
| શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ | કુંભારીયા પાડો | ૧૧ લાખ |
| શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ | ચિતારાની ખડકી | ૧૧ લાખ |
| શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ | સાલવી વાડો | ૧૧ લાખ |
| શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા | મનમોહનજીની શેરી | ૧૧ લાખ |
| શ્રી નરેશભાઈ નવનિતલાલ શાહ | ભાભાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી જે.કે. શાહ | ભાભાનો પાડો | ૧૧ લાખ |
| શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર શાહ | વખતજીની શેરી | ૧૧ લાખ |
| શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી | મણિયાતી પાડો | ૧૧ લાખ |
| બાબુ હર્ષ નરેન્દ્રકુમાર પનાલાલ | ખજુરીનો પાડો | ૧૧ લાખ |
| બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ | વાલકેશ્વર | ૧૧ લાખ |
| શ્રી સેવંતીલાલ છગનલાલ શાહ | તંબોલીવાડો | ૧૧ લાખ |
| **રજત સ્થંભ** | | |
| શ્રી પ્રદિપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી | ખેતરપાળનો પાડો | ૫ લાખ |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,